કાંતણ પ્રવેશિકા

ખાદી મંદિર : વિલે પારલે

કાંતવું એટલે !

ખરી વાત આ છે. કાંતવું એટલે જેમ તેમ કરીને જ્યારે ત્યારે રમતાં રમતાં સૂતરના જેવા તેવા તાંતણા કાઢવા એમ નહિ, પણ કાંતવું એટલે કાંતવા પૂર્વે બધી ક્રિયાઓ જાણી લેવી અને સ્વસ્થ ચિત્તે સરસ, એકધારૂં વળદાર નિયમપૂર્વક સૂતર આસનબદ્ધ થઇ કાંતવું; તેને ફાળકારવું, તેની લંબાઇ જાણવી, તેનું વજન જાણવું, તેની સરસ આંટી બનાવવી અને કોઇ જગ્યાએ મોકલવું હોય તો સરસ રીતે ગોઠવીને તેની ઉપર કપાસની જાતની, સૂતરના આંકની, લંબાઇ અને વજનની ચિઠ્ઠી બાંધવી.

ગાંધીજી

ભયંકર ગરીબાઇ

મારી ખાત્રી છે કે ભારતવર્ષ અંગારથી બળી રહ્યો છે, કેમકે તેના મનુષ્યત્વનો નાશ થઇ ગયો છે. ભારતવર્ષ ભૂખના દુઃખથી લોઢાઇ રહ્યો છે, કેમકે અનાજ મેળવવા પૂરતો તેની પાસે ઉદ્યોગ નથી......આપણાં શહેરો એ કાંઇ હિન્દુસ્તાન નથી. હિન્દુસ્તાન તો સાડા સાત લાખ ગામડાંઓમાં વસે છે. અને શહેરો ગામડાંઓ પર નભે છે. શહેરની દોલત પરદેશથી ઘસડાઇ નથી આવતી. શહેરના લોકો યુરોપ, અમેરિકા અને જાપાનની મોટી પેઢીઓના દલાલ છે. બસેં વર્ષ થયાં પશ્ચિમના મુલકો

(જૂઓ પૂંઠાનું ત્રીજું પાનું)

કાંતણ પ્રવેશિકા

સંપાદક:

દિલખુશ બ. દિવાનજી

મૂલ્ય ૨ આના

મુદ્રક :
છગનલાલ વનમાળી યોગી
ઈમ્પ્રિન્ટરી, કોટ, મુંબઈ.

આવૃત્તિ પહેલી
પ્રત ૨૦૦૦
જૂન ૧૯૪૧.

પ્રકાશક :
મંત્રી,
ખાદી મંદિર–વીલે પારલે.

અનુક્રમ



શુદ્ધિપત્રક

			અશુદ્ધ	શુદ્ધ
પ્રસ્તાવના		૧૧મા લીટી	શકાય	શકાયી
પાનું	૯	ત્રીજું ખાનું	રેસાની લંબાઇ	રેસાની લંબાઇ ઇંચમાં.
,,	૯	૩–સુરતીનું ખાનું	૩૧ ટકા	૩૨ ટકા
,,	૯	૧૦-મઠિયોનું ખાનું	૨૨ ટકા	૩૨ ટકા
,,	૧૪	૮મી લીટી	૬૪૦ / ૪૦	૬૪૦ / ૨૦
,,	૧૮	૧૦મી ,,	સગવડે	સગવડ
,,	૧૯	૧૩મી ,,	૧૦૦–૫૩ =૪૭ ટકા	૧૦૦–૫૮ાા =૪૧ાા ટકા
,,	૨૯	૧લી ,,	વેચાતી	વેંચાતી
,,	૩૧	૧૬ આંકનું ૨ તોલાનું ખાનું	૦–૯–૭ાા	૦–૦–૭ાા
,,	૩૩	૧૪મી લીટી	પૂણી યા મણ	પૂણીયામણ
,,	૩૪	૮ આંકનું ખાનું	૦–૧૩–૦	૦–૧૩–૬
,,	૩૭	૩જું ખાનું આંકનું	૧૬૫	૧૬૮
,,	૪૪	૧૨ આંકનું વીશીનું ખાનું	૭	૬
,,	૪૪	૧૬ આંકનું વારનું ખાનું	૧૪ાા	૧૨ાા

પ્રસ્તાવના

આ દીશર્યંની વ્યાપકતા દિવસે દિવસે એટલી વધતી જાય છે કે ખાદી પહેરનાર, ખાદી પહેરવા માટે જાતે કાંતનાર, ખાદીમાં રસ લેનાર, બધાને ખાદીશાસ્ત્ર અને ખાદીહિસાબ વિષે વધતું ઓછું જાણવાની સહેજે જીજ્ઞાસા ઊભી થઇ છે. આવા એક જીજ્ઞાસુના પ્રશ્નોના જવાબમાં ભાઇ દિવાનજીએ લખી નાંખેલા જવાબો તેવા બીજા જીજ્ઞાસુઓને ઉપયોગી થઇ પડે એ હેતુથી છપાઇને પુસ્તકના રૂપમાં બહાર પડે છે એ આનંદની વાત છે.

ખાદી વિષે અત્યાર સુધી જે પુસ્તકો લખાયાં છે, તેમાંની જ વાતો આ પુસ્તકમાં પણ છે. ભાઇ દિવાનજીના જાતઅનુભવે એ વાતો આટલી ટૂંકાણમાં અને સરળતામાં તારવી શકાય છે એ જ આ પુસ્તકની વિશેષતા અને ઉપયોગિતા છે. ખાદીસુધારની દિશામાં ખાદીહિસાબનું આ નાનું પુસ્તક પ્રત્યેક ખાદીપ્રેમીને માર્ગદર્શન આપશે એવી આશા છે.

સાબરમતી
૯–૨–૪૧

લક્ષ્મીદાસ પુ. આસર

પરિચય

આ નાનકડી પુસ્તિકામાં ભેગી કરેલી વિગતો લખી નાંખવાની પ્રેરણા વિલેપારલેના ખાદીમંદિરનાં સેવિકા બહેન શ્રીમતી મણિબેન નાણાવટી તરફથી મને મળી. એ બહેન રેંટિયાનાં ઉપાસક છે. એમને કાંતણવણાટના કેટલાક હિસાબો તેમજ સૂતરપરીક્ષા અંગે કેટલીક માહિતી જાણવાની હોંશ થઇ અને એમાં એમણે મારી મદદ માગી. તેથી એમના જેવાં બહેનો સમજી શકે એવી સરળ ભાષામાં કેટલીક ઉપયોગી વિગતો મેં એ બહેન માટે ખાસ તૈયાર કરી એમને મોકલી આપી. મુ. વિઠ્ઠલદાસ જેરાજાણીએ એ વિગતોવાળી મારી નોંધ જોઇ અને એમને લાગ્યું કે આને પુસ્તિકાના રૂપમાં પ્રગટ કરવી જોઇએ. એના પ્રકાશન અંગેના બધા ખરચની વ્યવસ્થા કરી દેવાની એમણે જવાબદારી લઇ લીધી એ માટે એમનો આભાર માનું છું.

આ પુસ્તિકામાં સંખ્યાબંધ કોષ્ટકો, કોઠાઓ, આંકડાઓ અને સમજુતીઓ આપ્યાં છે. એ બધી વિગતો તૈયાર કરવામાં મેં ગુજરાત વિદ્યાપીઠે પ્રગટ કરેલી 'ખાદીવિદ્યાપ્રવેશિકા' અને

ગુજરાત ચરખા સંઘની ખાદીપત્રિકાઓનો છૂટથી ઉપયોગ કર્યો છે. કેટલાક હિસાબો અને આંકડાઓ તૈયાર કરવામાં કરાડીના ખાદીકાર્યનું સંચાલન કરનારા મારા વિદ્યાર્થી–સાથીઓની કીમતી મદદ મળી છે. મુ. લક્ષ્મીદાસદાદા અને ગુજરાત ચરખા સંઘના મંત્રી શ્રી સન્મુખભાઇ આ પુસ્તિકામાંની ઘણી વિગતો ધ્યાનપૂર્વક તપાસી ગયા અને કેટલાક સુધારા કર્યા તેમજ મુ. લક્ષ્મીદાસદાદાએ મારી વિનંતિને માન્ય રાખી એક નાનકડી પ્રસ્તાવના પણ લખી આપી. આ સારૂ બન્નેનો હું ઋણી છું.

આ પુસ્તિકા તૈયાર કરતી વેળાએ તદ્દન શરૂઆતના અને ખાદીશાસ્ત્ર વિષે અજાણ એવા કાંતનારાની મુશ્કેલીઓ અને જીજ્ઞાસા ધ્યાનમાં રાખેલી છે. સૂતર સારૂં કોને કહેવાય? સારૂં સૂતર કેમ કંતાય? એની ખાદી કેટલી થાય? એનો ખરચ કેટલો આવે? વગેરે પ્રશ્નોની સમજુતી સરળ ભાષામાં આપવા અહીં પ્રયાસ કર્યો છે. ખાદીવિદ્યાનો હું નિષ્ણાત નથી અને કાંતણશાસ્ત્રના પ્રખર અનુભવનો હું દાવો કરી શકું એમ નથી. આથી આ પુસ્તિકામાં રહી ગયેલા દોષો વિષે મારૂં ધ્યાન ખેંચવામાં આવશે તો હું ઉપકૃત થઇશ.

આ પુસ્તિકા દ્વારા કાંતણશાસ્ત્રનો કંઇક પરિચય મેળવી એનો રસપૂર્વક ઊંડો અભ્યાસ કરવાની અને દીન દુઃખીની સેવા અંગે શરૂ થયેલા આ પવિત્ર રેંટિયાયજ્ઞમાં ભકિતભાવે ફુલપાંખડી

અર્પણ કરવાની પ્રેરણા કોઈકને થશે તો આ પુસ્તિકાનું લેખન અને પ્રકાશન હું સાર્થક થયેલ ગણીશ.

વિલેપારલેના ખાદીમંદિરે આ નાનકડી પુસ્તિકાનું પ્રકાશન કરવાની હોંશ દર્શાવી એ માટે એ મંદિરની બહેનોનો આભાર માનું છું. પુસ્તિકાના પ્રકાશનમાં અને એનાં પ્રૂફો તપાસી જઈ જોડણી વગેરેની ભૂલો સુધારવામાં મુ. સ્વામી આનંદનો મને બધો જ સહકાર મળ્યો છે એ સારૂ એમનો પણ આભાર માનું છું.

ગાંધી કુટીર
૧૩ : ૨ : ૪૧

દિલખુશ બ. દિવાનજી

: ૧ :

કાંતવામાં નડતી મુશ્કેલીઓ અને તેનો ઉપાય

રેંટિયો ચલાવવામાં અને સૂતર કાંતવામાં કાંતનારને કેટલીક મુશ્કેલીઓ અવારનવાર હેરાન કરે છે. એ મુશ્કેલીઓ કેવી હોય છે અને એને દૂર કઇ રીતે કરવી એની પ્રાથમિક સમજણ અહીં આપી છે. યરવડા ચક્ર' વધુ વપરાતું હોય છે એટલે એ રેંટિયાનો મુખ્યતઃ ખ્યાલ રાખ્યો છે.

(૧) તાર તૂટે છે :

કાંતતાં વારંવાર તાર તૂટે તો રેંટિયા, પૂણી વગેરેમાં નીચેના દોષ તપાસવા અને તે દૂર કરવા :

૧ ત્રાક ઠરડાયેલી હોય અથવા એની અણી પ્રમાણસર ન હોય. આવું હોય તો ત્રાક સીધી કરાવી લેવી અથવા નવી લઇ લેવી.

૨ પૂણી સારી ન હોય, પીંજવામાં કે પૂણી બનાવવામાં દોષ હોય અથવા હલકા પ્રકારના કીટીવાળા રૂની પૂણી બનાવી હોય. આ દોષ દૂર કરવા સ્વચ્છ સારા રૂની સારી રીતે પીંજાયેલી અને વ્યવસ્થિત વળાયેલી પૂણી વાપરવી.

૩ ખેંચાતા તારની ગતિ, ચપટીનો દાબ અને ત્રાકને મળતી ગતિ એ ત્રણેનું પ્રમાણ બરાબર ન જળવાયું હોય તો તાર તૂટે છે. અનુભવે આ પ્રમાણ જાળવતાં શીખી જવું.

૪ નાની અથવા મોટી અથવા બેઉ માળની ગાંઠ વધારે મોટી હોય તો ત્રાકની ગરેડી પર ધક્કો લાગે અને તાર તૂટે છે આથી માળની ગાંઠ યોગ્ય રીતે મારવી.

૫ એવું બને કે આપણને કાંતવામાં રસ ન હોય, આપણે કાંતતા હોઇએ છતાં એમાં વેઠ ઉતારાતી હોય. આવું હોય છે ત્યારે કાંતતી વખતે બેધ્યાન રહેવાય છે. જો રેંટિયામાં ઉત્સાહ ન હોય તો કાંતવાનું છોડી દેવું. પરંતુ આપણે શ્રદ્ધાપૂર્વક કાંતીશું તો કાળજી રખાશે અને તાર તૂટ્યા નહિ કરે.

(૨) ઢીલું-પોચું કંતાય છે :

કેટલીકવાર ત્રાક ઢીલી ઢીલી ફરે છે, એમાં જોર નથી હોતું; આથી તાર ઢીલા ખેંચાય છે. કોકડું ઢીલું ઢીલું વીંટાય છે. આવું થાય ત્યારે નીચેના દોષ તપાસવા અને દૂર કરવા:

૧ નાની અથવા જાડી અથવા બન્ને માળ જોઇતા પ્રમાણમાં તંગ ન હોય તો માળને બરાબર કરી લેવી.

૨ ત્રાકની ગરેડી લીસી થઇ હોય તો ગરેડીમાં રૂ અથવા ગુંદરવાળી પાતળી દોરી વીંટવી.

૩ મોઢિયામાંના ત્રાકઘરમાં જે બેસણી (દોરી) હોય છે તે પોચી થઇ ગઇ હોય અથવા જોઇએ તે કરતાં વધુ જાડી હોય તો ત્રાક સરળતાથી ન ફરે અને ઢીલું ઢીલું કંતાય. આ દોષ ટાળવા બેસણીની દોરી બરાબર કરી લેવી.

(૩) રેંટિયો ભારે ફરતો હોય :

કેટલીક વાર રેંટિયો સરળતાથી નથી ફરતો પણ ભારે ફરતો હોય છે. આવું હોય તો નીચેના દોષ તપાસી દૂર કરવા :

૧ ચક્રની નાભિમાં તેમજ ત્રાકધરની બેસણીમાં કોપરેલ પૂરેલું નથી હોતું. સામાન્ય રીતે દરેક કોકડું કાંતીને બેસણીમાં કોપરેલ પૂરવું અને ચક્રની નાભિમાં દિવસમાં એકવાર કોપરેલ પૂરવું. કોપરેલને બદલે તેલ વપરાય ત્યારે પણ ચીકાશ વધી જવાથી રેંટિયો ભારે ફરે. તેલની ચીકાશ ગ્યાસતેલથી કાઢી નાંખવી. હંમેશા કોપરેલ જ વાપરવું.

૨ ચક્રો નીચે કચરો ભરાયો હોય તે કાઢી નાંખવો.

૩ મોટા ચક્રના હાથામાં (ઢોલણી) સૂતરના રેસા ભરાયા હોય તો ઢોલણી એના સ્ક્રુ પર જામ થઇ જાય છે અને રેંટિયો ફેરવતાં મુશ્કેલી પડે છે. સ્ક્રુને ખોલી કચરો કાઢી નાંખી ઢોલણીને ફરતી કરી દેવી.

૪ મોટી માળ વધારે પડતી તંગ હોય તો તે પ્રમાણસર કરી દેવી.

૫ ત્રાકની ગરેડી આસપાસ રહેલી ચામડાની પટ્ટી (ચમરખી) વધારે પડતી જાડી હોય તો ત્રાક ફરવામાં સરળતા રહે નહિ. ચમરખીને પ્રમાણસર કરી લેવી.

(૪) ચક્રો ડગતાં હોય–માળ ઊતરી જતી હોય :

કેટલીક વાર રેંટિયો ફેરવતાં ચક્રો ડગમગ થયાં કરતાં હોય છે અને માળ ઊતરી જતી હોય છે. આવું થાય ત્યારે નીચેના દોષ તપાસવા અને દૂર કરવા :

૧ ચક્રમાં બેસાડેલી નાભિનું કાણું મોટું થઇ ગયું હોય તો નાભિ બદલી નાંખવી.

૨ ચક્રબેઠકનો બોલ્ટ ઘસાઇ ગયો હોય તો તે બદલી નાંખવો.

૩ ચક્રબેઠકો ઢીલી પડી ગઇ હોય અને ખસ્યા કરતી હોય તો એની નીચે પેકિંગ મૂકી બંધબેસતી કરી દેવી.

૪ બોલ્ટ ઢીલા થઇ ગયા હોય તો પેચકસથી બંધબેસતા કરી દેવા.

: ૨ :

જાડું ઝીણું કાંતવા માટે કપાસ–રૂ કેવાં વાપરશો ?

કપાસની જાત પ્રમાણે એમાંથી ઝીણું જાડું સૂતર કંતાય છે. નબળા કપાસમાંથી ઝીણું કાંતીએ તો સૂતર અસમાન અને કસ વિનાનું કંતાય. સારા કપાસમાંથી જાડું કાંતીએ તો સૂતર મોંઘું પડે. કાંતનારે કપાસની જુદી જુદી જાતો અને તેમાંથી કંતાતા સૂતરની વિગતો જાણી લેવી જરૂરી છે.

ક્રમ	કપાસની જાત	રેસાની લંબાઇ	કપાસમાંથી રૂ કેટલું ઊતરે?	સૂતર કયા આંકનું કંતાય ?	કપાસ કયાં થાય છે?
૧	કંબોડીઆ	૬/૮થી૯/૮	૩૩ ટકા	૭૫ સુધી	
૨	નવસારી એ. એલ. એફ. ૧૦૨૭	૭/૮થી૧	૩૧ ટકા	૩૦–૪૦	નવસારી આસપાસ
૩	સુરતી	૭/૮થી૧	૩૧ ટકા	૩૦–૩૨	સુરત જીલ્લાના કેટલાક ભાગમાં
૪	હિરવણી	૧	—	૫૦ સુધી	
૫	દેવકપાસ	૧	૨૩	૧૦૦ ,,	મહારાષ્ટ્ર
૬	વાગડ	૬/૮થી૭/૮	૩૩	૨૫ સુધી	ગુજરાત, કાઠિયાવાડ, વરાડ
૭	લાળિયો	૫/૮થી૬/૮	૩૩	૧૦ સુધી	ઉત્તર ગુજરાત
૮	ઘોઘારી	૪/૮થી૬/૮	૪૦	૧૦ સુધી	ભરૂચ
૯	રોઝી	૪/૮થી૬/૮	૨૫	૧૦ સુધી	મધ્ય ગુજરાત
૧૦	મઠિયો	૧/૨	૨૨	૧૦ સુધી	કચ્છ કાઠિયાવાડ
૧૧	ભરૂચી દેશી	૫/૮થી૬/૮	૩૨	૧૦ સુધી	ભરૂચ વડોદરા
૧૨	વેરમ નાગપુર	—	—	૩૦–૩૬	મધ્ય પ્રાંત
૧૩	સિંધ સુધાર	—	—	૪૩–૫૦	સિંધ
૧૪	જયવંત	—	—	૩૬–૪૨	

સામાન્ય રીતે ૧ ઇંચ લાંબા રેસામાંથી ૩૦--૪૦ આંકનું સૂતર કંતાય. ૧/૨ ઇંચના રેસામાંથી ૮–૧૨ આંકનું કંતાય. ૦।।। ઇંચના રેસામાંથી ૨૦–૨૫ આંકનું કંતાય. રેસા મુલાયમ અને બારીક હોય તો વધુ આંકનું કંતાય.

: ૩ :

કાંતવાની ઝડપ

કાંતનારને કાંતવાની ઝડપ વધારવાની હોંશ રહે છે. સામાન્ય કાંતનારની કલાકની ઝડપ કેટલી હોવી જોઇએ તેના આંકડા અહીં આપ્યા છે. ઝડપ વધારવા માટે કાંતનારે થોડા વખત માટે તો રોજ ત્રણથી ચાર કલાક નિયમિત કાંતવું જોઇએ. એક વખત ઝડપ વધે અને તે કાયમ રહે એટલે રોજ અર્ધો કલાક કાળજીપૂર્વક કાંતીશું તો વધેલી ઝડપ જળવાઇ રહેશે. હવે કાંતવાની ઝડપ વધારવા માટે કાંતનારે કેટલાક મુદ્દાઓ ધ્યાનમાં રાખવાની જરૂર છે.

(૧) ઉત્તમ સ્વચ્છ પૂણી જ વાપરવી.

(૨) રેંટિયો બરાબર ચાલે છે એ તપાસી લેવું. એમાં ત્રાક સીધી હોય, માળ લપસતી ન હોય અને રેંટિયો હળવો ફરતાં મધુર અવાજ કરતો હોય.

(૩) કાંતતી વખતે કોકડું સખત વીંટાળાતું હોય.

(૪) તાર ઓછા જ તૂટે એની ખાસ કાળજી રાખવી.

(૫) બની શકે ત્યાંસુધી ઠંડા પહોરે કાંતવાનું રાખવું.

(૬) કાંતતી વખતે મૌન રાખવું.

૨૨૯૬૧

(૭) ઘડિયાળ હોય તો કાંતતી વખતે એ પર નજર રાખતા રહેવું.

(૮) રોજ ના કલાકની ઝડપ અને કેટલીક વાર એક કલાકની ઝડપ કાઢી એની નોંધ રાખવી.

આવી રીતે વ્યવસ્થિત શાંત ચિત્તે કાંતનારની ઝડપ વધે જ છે એવો અનુભવ છે.

સામાન્ય ઝડપ આંક પ્રમાણે કેટલી હોવી જોઇએ તે જાણુવા જેવું છે :

આંક	કલાકની ઝડપ તાર		આંક	કલાકની ઝડપ તાર
૬	૩૬૦		૨૪	૨૫૬
૮	૩૪૯		૨૬	૨૪૯
૧૦	૩૪૩		૨૮	૨૪૦
૧૨	૩૨૦		૩૦	૨૩૨
૧૪	૩૦૫		૩૨	૨૨૪
૧૬	૨૯૫		૩૪	૨૧૭
૧૮	૨૮૮		૩૬	૨૧૧
૨૦	૨૭૪		૩૮	૨૦૫
૨૨	૨૬૪		૪૦	૨૦૦

: ૪ :

ખાદી ક્રિયાઓમાં ઘટનું પ્રમાણ

કપાસ સાફ કરી લોઢી રૂને પીંજી પૂણી બનાવી કાંતીને સૂતરની ખાદી વણાવી ધોવડાવીએ ત્યારે એ પ્રત્યેક ક્રિયામાં કંઇને કંઇ ઘટ આવે છે. આ ઘટનું પ્રમાણ કેટલું હોય છે તે સમજી લેવાની જરૂર છે. ઘટનું પ્રમાણ જો ધ્યાનમાં ન રાખીએ તો આપણે બેદરકાર રહીએ છીએ અને બહુ બગાડ થાય છે.

ઘટનું પ્રમાણે સામાન્ય રીતે નીચે પ્રમાણે હોય છે.

૧	કપાસ સફાઇ	:	રતલે બે તોલા.
૨	,, લોઢાઇ	:	ખાસ કંઇ નહિ.
૩	પીંજાઇ	:	રતલે એક તોલો (સાફ રૂની પીંજાઇ)
૪	કંતાઇ	:	રતલે એક તોલો (સાફ પૂણી)
૫	વણાટ	:	સૂતરને પવાયત આપે એટલે વણવા આપેલા સૂતરની ખાદી થતાં વજનમાં રતલે બે તોલા વધે છે. સૂતર વણતાં ઘટ જાય એટલે એકંદરે કશો ફરક ન પડે.
૬	ધોલાઇ	:	કોરી ખાદી.ધોતાં લંબાઇમાં વીસ વારે એક વાર અને પનામાં ૧ થી ૨ ઇંચનો સંકોચ દર વારના પનામાં સામાન્ય રીતે થાય છે.

: ૫ :

સૂતરનો આંક કેમ કાઢવો

કાંતનાર સૂતર કાંતે છે ત્યારે જાડું ઝીણું સૂતર નીકળે છે. સૂતર જાડું ઝીણું હોય તેનું પ્રમાણ જાણવા સૂતરનો આંક કઢાય છે. જાડા સૂતરનો આંક ઓછો હોય. ઝીણા સૂતરનો આંક વધારે આવે. સૂતરનો આંક કેમ કાઢવો તેની રીત કાંતનારે જાણી લેવી જોઇએ. સૂતરની લંબાઇ અને તેના વજન પ્રમાણે સામાન્ય રીતે એનો આંક કઢાય છે. એ લંબાઇ અને વજન માટે નીચેનાં કોષ્ટક જાણી લેવાં જોઇએ.

લંબાઇનું કોષ્ટક

૪ ફુટ = ૧ તાર
૮૦ તાર = ૧ લટી
૮ લટી = ૧ આંટી
આંટી = ૬૪૦ તાર

વજનનું કોષ્ટક

૧૬ આની = ૧ તોલો
૪૦ તોલા = ૧ રતલ

આંક કાઢવાની બે રીતો છે, (૧) જો વધારે આંટી હોય તો

આંક = સૂતરના વજનમાં જેટલી આંટી સમાય તેટલો આંક

અથવા આંક = $\frac{\text{આંટી}}{\text{રતલ}}$

દાખલો : આપણું સૂતર ૧ રતલ થયું તેમાં ૨૪ આંટી સમાઇ એટલે આંક ૨૪

અથવા આંક = $\frac{૨૪}{૧}$ = ૨૪.

(૨) **બીજી રીત :** એક આંટી અથવા એથી ઓછા તાર હોય તો

આંક = $\frac{\text{તાર}}{\text{વજન આનીમાં}}$

દાખલો : એક આંટીનું વજન સવા તોલો થયું તો

આંક = $\frac{૬૪૦}{૪૦}$ = ૩૨ આંક.

જો ૪૦૦ તારની આંટી થાય અને વજન ૨॥ તોલા હોય તો આંક = $\frac{૪૦૦}{૪૦}$ = ૧૦ આંક.

કાંતનારને હર વખતે આવા હિસાબો ન કરવા પડે એટલા માટે પ્રત્યેક આંકની ૬૪૦ તારની આંટીનું વજન શું થાય છે તે જાણવાથી એનો આંક ઝટ નીકળે છે. વજન તોલા અને આનીમાં છે.

આંક	વજન	આંક	વજન	આંક	વજન	આંક	વજન
૬	૬—૧૧	૧૬	૨—૮	૨૬	૧—૮॥	૩૬	૧—૨
૮	૫—૦	૧૮	૨—૩॥	૨૮	૧—૭	૩૮	૧—૧
૧૦	૪—૦	૨૦	૨—૦	૩૦	૧—૫	૪૦	૧—૦
૧૨	૩—૫	૨૨	૧—૧૩	૩૨	૧—૪		
૧૪	૨—૧૪	૨૪	૧—૧૧	૩૪	૧—૩		

: ૬ :

સૂતરનો કસ કેમ કાઢવો

સૂતરની ખરી પારખ એની મજબૂતાઇની છે. સૂતરનો કસ સારો ન હોય તો વણાટમાં બહુ મુશ્કેલી પડે અને ખાદી નબળી થાય. આ માટે સૂતરનો કસ પારખતાં આવડવું જોઇએ. સૂતરનો કસ કાઢવાની બે રીત છે. સાદી રીત અને શાસ્ત્રીય રીત. બન્ને રીતો અહીં આપી છે :


૧. કસ કાઢવાની સામાન્ય રીત :

આંટીને ખોલી બે ચાર તારને હાથમાં લઇ હળવે હાથે તાણી જોવું. ફીસું સૂતર તરત તૂટી જશે. સૂતર મજબૂત હશે તો સૂતર તૂટતાં વાર લાગશે અને તૂટશે ત્યારે 'કટ' અવાજ થશે.

૨. શાસ્ત્રીય રીત :

(૧) આંટીનો પ્રથમ આંક કાઢવો.

(૨) એમાંથી એક ફૂટ પર ૬ તાર વીંટવા અને એની લટ ઉતારી લેવી.



લટ વીંટવાનો તાર લેતી વખતે લટના બન્ને છેડા છૂટા મૂકાઇ જવા ન જોઇએ. લટ પૂરી કરતી વખતે બંન્ને છેડાને વળ આપી બરાબર જોડી લટ હેઠળ દબાવી દેવાની જરૂર છે. આમ નહિ થાય તો કસ માટે લટ ખેંચતી વખતે સાંધમાંથી પ્રથમ તાર તૂટશે અને કસ ઓછો ઉતરશે.

(૩) એ લટને કસનાં ત્રાજવાં પરની દાંડીના क હુક પર ટાંગી નીચે બીજા ख હુક પર ભેરવવી.

(૪) દાંડીનાં ग હુક ટાંગેલી घ પેટીમાં જુદાં જુદાં મોટાં અને પછી નાનાં વજન મૂકતાં જવું.

(આ સારૂ એક તોલાના ૪૦ થી ૫૦ વજન કરાવી મૂકવાં.)

(૫) છેવટનું વજન મૂકતાં લટ તૂટે કે પેટીમાંના બધા વજનનો સરવાળો કરવો. એમાં અગાઉથી કરી મૂકેલા પેટીના વજનને ઉમેરવું. એકંદર થતું વજન તોડનાર વજન ગણાશે. ગણત્રી તોલામાં કરવી.

(૬) કસના કોઠામાં જોઇ તોડનાર વજનથી કેટલા ટકા કસ થાય છે તે જાણી લેવો. વધુ ચોકસાઇ માટે એક આંટીમાંથી ત્રણ ચાર વાર કસ કાઢવો અને સરેરાશ કસ પછી ગણવો.

દાખલો:—આંટીનો આંક ૨૦

તોડનાર વજન ૧૫૦ તોલા

કસ ૯૦ અને ૮૦ વચ્ચે એટલે લગભગ ૮૩ ટકા.

સૂતરનો કસ કાઢવાનો કોઠો અહીં આપ્યો છે.

સુતરનો કસ જાણવાનો કોઠો.

આંક	૧૦૦ ટકાં કસ માટે	૯૦ ટકા માટે	૮૦ ટકા	૭૦ ટકા	૬૦ ટકા	૫૦ ટકા	૪૦ ટકા	૩૦ ટકા
૬	૪૮૦	૪૩૨	૩૮૪	૩૩૬	૨૮૮	૨૪૦	૧૯૨	૧૪૪
૮	૩૯૦	૩૫૧	૩૧૨	૨૭૩	૨૩૪	૧૯૫	૧૫૬	૧૧૭
૧૦	૩૨૪	૨૯૨	૨૫૯	૨૨૭	૧૯૪	૧૬૨	૧૩૦	૯૭
૧૨	૨૬૪	૨૩૮	૨૧૧	૧૮૫	૧૫૮	૧૩૨	૧૦૬	૭૯
૧૪	૨૩૪	૨૧૧	૧૮૭	૧૬૪	૧૪૦	૧૧૭	૯૪	૭૦
૧૬	૨૧૬	૧૯૪	૧૭૩	૧૫૧	૧૩૦	૧૦૮	૮૭	૬૫
૧૮	૧૯૫	૧૭૬	૧૫૬	૧૩૭	૧૧૭	૯૮	૭૮	૫૯
૨૦	૧૮૦	૧૬૨	૧૪૪	૧૨૬	૧૦૮	૯૦	૭૨	૫૪
૨૨	૧૭૨	૧૫૪	૧૩૭	૧૨૦	૧૦૩	૮૬	૬૮	૫૧
૨૪	૧૫૯	૧૪૩	૧૨૭	૧૧૧	૯૫	૮૦	૬૪	૪૮
૨૬	૧૫૦	૧૩૫	૧૨૦	૧૦૫	૯૦	૭૫	૬૦	૪૫
૨૮	૧૩૮	૧૨૪	૧૧૦	૯૭	૮૩	૬૯	૫૫	૪૧
૩૦	૧૩૨	૧૧૯	૧૦૬	૯૨	૭૯	૬૬	૫૩	૪૦
૩૨	૧૨૯	૧૧૬	૧૦૩	૯૦	૭૭	૬૪	૫૨	૩૯
૩૪	૧૨૫	૧૧૩	૧૦૦	૮૮	૭૫	૬૩	૫૦	૩૮
૩૬	૧૨૨	૧૧૦	૯૮	૮૫	૭૩	૬૧	૪૯	૩૭
૩૮	૧૧૯	૧૦૭	૯૫	૮૩	૭૧	૬૦	૪૮	૩૬
૪૦	૧૧૭	૧૦૫	૯૪	૮૨	૭૦	૫૯	૪૭	૩૫

: ૭ :

સૂતરની સમાનતા કેમ કાઢવી

સૂતરની મજબૂતાઇના જેટલું જ મહત્વ સૂતરની સમાનતાનું છે. એકસરખું સૂતર કાંતીયે તો વણકરને મુશ્કેલી ન પડે અને ખાદી સુંદર અને ટકાઉ થાય. પરંતુ સૂતરની સમાનતા કાઢવાની શાસ્ત્રીય રીત બહુ અઘરી છે. કારણ કે એમાં બહુ જ નાજુક ત્રાજવાં જોઇએ. આ રીત જાણી તો લેવી જોઇએ. સૂતરની સમાનતા અંદાજે પારખવાની બીજી સરળ રીત પણ છે. અહીં બન્ને રીતો આપી છે.

સમાનતા પારખવાની સરળ રીત :

સગવડે પડે એટલું કાળું પાટિયું લેવું. એ પર ૧૦–૧૨ તાર છૂટા છૂટા વીંટાળવા. એ તાર જાડા પાતળા હશે તો તરત દેખાઇ આવશે. ૧૦–૧૨ તારમાં વધારે તાર સમાન હશે તો એમ માનવું કે સૂતરની સમાનતા ૫૦ ટકા ઉપર હશે. વધારે તાર અસમાન હોય તો સમાનતા ૫૦ ટકાથી ઓછી હોય.

સૂતરની સમાનતા કાઢવાની શાસ્ત્રીય રીત :

૧. એક ફુટ પર ૬ તાર વીંટાળવા.

૨. એવી ૭ લટો એક જ આંટીમાંથી બનાવવી.

૩. આ પ્રત્યેક લટનો આંક કાઢવો.

૪. ૭ લટનો સરેરાશ આંક કાઢવો.

૫. સૌથી વધારે આંકમાંથી સૌથી ઓછો આંક બાદ કરી તફાવત નોંધી રાખવો.

૬. નીચેના કોષ્ટક પ્રમાણે હવે સમાનતાના ટકા કાઢવા.

$$\text{સમાનતા} = ૧૦૦ - \left(\frac{૧૦૦ \times \text{તફાવત}}{\text{સરેરાશ આંક}}\right)$$

દાખલો : એક આંટીની ૭ ૭ તારની ૭ લટીના આંક ૧૬, ૧૮, ૨૦, ૧૪, ૧૨, ૨૨ છે.

$$\text{સરેરાશ આંક } \frac{૧૬+૧૮+૨૦+૧૪+૧૨+૨૨}{૬} = \frac{૧૦૨}{૬} = ૧૭$$

સૌથી વધારે આંક ૨૨

,, ઓછો ,, ૧૨

તફાવત = ૧૦

$$\text{સમાનતા} = ૧૦૦ - \left(\frac{૧૦૦ \times ૧૦}{૧૭}\right) = ૧૦૦ - ૫૩$$

= ૪૭ ટકા.

૬

સૂતરની પરીક્ષા

આપણે સૂતર તો કાંતીએ છીએ. પરંતુ કેટલાક કાંતનારાને ખ્યાલ નથી હોતો કે એ સૂતર એટલા માટે કંતાય છે કે એની ખાદી વણવાની હોય છે. વણકર સરળતાથી એ ખાદી વણી દે અને વણેલી ખાદી ટકાઉ નીવડે એ વસ્તુ ધ્યાનમાં રાખીને જ આપણે સૂતર કાંતવું જોઇએ. આ માટે સારું નબળું સૂતર પારખવાની આવડત દરેક કાંતનારે મેળવી લેવી જોઇએ. સૂતર સારું છે કે નબળું છે એને પારખવા માટે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લેવા જોઇએ:

૧. સૂતરનો આંક કાઢવો.

૨. ,, કસ જોવો.

૩. સૂતરની સમાનતા જોવી.

૪. સૂતરમાં ધૂંટીઓ ન હોય તે જોવી (જૂઓ પાનું ૨૬).

૫. સૂતર સ્વચ્છ હોય–રૂંછડાં ન હોય–કીટી કચરો ન હોય–મેલું ન હોય.

૬. સૂતર ફૂંકારેલું હોય.

૭. સૂતરમાં સ્થિતિસ્થાપકતા હોય. જરા ખેંચાય કરે તો યે તૂટે નહિ.

૮. સૂતરની આંટીમાં બરાબર ૬૪૦ તાર હોય અને એની વીશીઓ-લટીઓ વ્યવસ્થિત રીતે બાંધેલી હોય.

૯. આંટી બરાબર વાળેલી હોય.

૧૦. તૂટેલા તારની સાંધ બરાબર કરેલી હોય.

સૂતરનો ગુણક્રમ :

સૂતરની પરીક્ષા બરાબર કર્યા પછી સૂતરના ગુણ પ્રમાણે એના ગુણક્રમ આપી શકાય.

પ્રથમ પંક્તિનું સૂતર :

૧. એનો ક્રમ ૭૦ ની ઉપર હોય.

૨. સૂતરની સમાનતા બહુ સારી હોય જાડા પાતળા તાર ભાગ્યેજ હોય, એકસરખું કંતાયેલું હોય. એક આંટી તો આવી હોય જ. બીજી બધી આંટીઓમાં પણ સરખાપણું હોય.

૩. બિલકુલ ઘૂંટી ન હોય.

૪. બિલકુલ સ્વચ્છ હોય. રૂંછડાં-કીટી-મેલ ન હોય.

૫. બરાબર બાંધેલી લટની ૬૪૦ તારની વ્યવસ્થિત આંટી વાળેલી હોય-સાંધ પણ બરાબર હોય.

બીજી પંક્તિનું સૂતર :

૧. કસ ૬૦–૭૦ વચ્ચમાં હોય.

૨. સમાનતા ઓછી હોય. જાડા પાતળા તાર હોય.

૩. એક આંટીમાં ૫ થી વધુ, ધૂંટી ન હોય.

૪. રૂંછડાં–કીટી–મેલ હોય.

૫. વ્યવસ્થિત આંટી ન હોય. સાંધ બરાબર ન હોય.

ત્રીજી પંક્તિનું સૂતર :

૧. ૬૦ થી ઓછો કસ હોય.

૨. ૫ થી વધુ ધૂંટી હોય.

૩. જાડા પાતળા તાર ઘણા હોય.

૪. બહુ અસ્વચ્છ–રૂંછડાં અને કીટીવાળું હોય.

૫. ઢંગધડા વિનાની અવ્યવસ્થિત આંટી હોય. સાંધ ખોટી હોય.

સૂતરની ગુણકપાત :

૧. પ્રથમ પંક્તિના સૂતરની પૂરી કંતાઇ અથવા કિંમત આપવી.

૨. બીજી પંક્તિના સૂતરમાં રૂપીએ એક આનાથી ત્રણ આના સુધી ગુણકપાત કરવી.

૩. ત્રીજી પંક્તિના સૂતરમાં પહેલીવાર રૂપીએ બેથી છ આના ગુણકપાત કરવી. ફરી એવું આવે તો પૂણીની કિંમતે સૂતર ખરીદવું. ત્રીજી વાર પણ એવું જ આવે તો તે ન સ્વીકારવું.

: ૯ :

સૂતર સુધારવું કેમ ?

કાંતનારનું સૂતર સારૂં નથી આવતું ત્યારે એ નિરાશ થઇ જાય છે. કાંતનારને જો ધીરજ હશે તો સૂતર સારૂં કેમ કાંતવું એનો અભ્યાસ એ ચીવટથી કરશે.

શરૂઆતમાં જ કાંતનારાએ ઝીણું કાંતવા તરફ કે ઝડપ વધારવા તરફ પ્રથમ ધ્યાન ન આપવું. નીચેના ક્રમ પ્રમાણે સૂતર સુધારતા જવું.

૧. સૂતર વળદાર–મજબૂત આવે એની પ્રથમ કાળજી રાખવી.
૨. ત્યાર પછી સૂતર એકસરખું આવે તેની કાળજી રાખવી.
૩. વળદાર અને સમાન સૂતર આવવા માંડે એટલે ઝડપ વધારવાની કોશિશ કરવી.
૪. છેવટે ઝીણું કાંતવા પ્રયાસ કરવો.

સારૂં સૂતર કાંતવા માટે પ્રાથમિક જરૂરિયાતો :

૧. સ્વચ્છ, બરાબર પીંજાયેલી, સારી રીતે વાળેલી, પડીકામાં વ્યવસ્થિત રીતે બાંધેલી અને કાંતતી

વખતે જરૂર પડતી જ; પડીકામાંથી બહાર કાઢેલી પૂણી કાંતવી.

૨. રેંટિયો સારો હોય. ત્રાકમાં ઠરડ ન હોય. માળ પ્રમાણસર તંગ હોય. ચમરખી વિગેરેમાં બરાબર કાપરેલ પૂર્યું હોય. રેંટિયો હળવો ફરતો હોય.

૩. કાંતનારને રેંટિયામાં પૂરી શ્રદ્ધા હોય. ઉત્સાહ અને પ્રેમથી તે કાંતતો હોય. એ વેઠ ન ઉતારતો હોય. રોજ નિયમિત કાંતવાની નિષ્ઠા હોય.

૪. કાંતતી વખતે એકાગ્રતા જળવાય.

૫. કાંતવાનો સમય ઠંડા પહોરનો હોય.

સૂતર મજબૂત કેમ કાંતવું :

૧. પૂણી ઝાલનારના હાથની આંગળીઓની ચપટીનો દાબ તાર નીકળતી વખતે યોગ્ય અને પ્રમાણસર હોય.

૨. ચપટીના દાબમાંથી છૂટતા તારની ગતિ—એટલે કે પૂણીને ઉંચે લઇ જવાની ગતિ અને ચક્રની માળ વડે ત્રાકને અપાતી ગતિનું પ્રમાણ બરાબર જળવાય.

૩. સૂતરના તારને વળ કાંતતી વખતે જ મળતો રહે એ રીતે ત્રાકની ગતિ અને દાબમાંથી નીકળતા તારની ગતિનું પ્રમાણ જાળવવું.

૪. કાંતતાં તાર તૂટે તો બરાબર સાંધ કરવી. વણકરો સાંધ કરે છે એવી સાંધ કરતાં શીખી લેવું.

૫. સૂતર મજબૂત કંતાય છે એની પારખ એ છે કેઃ

(अ) તાર ખેંચવાની શરૂઆતથી તે તાર પૂરો થાય ત્યાં સુધી ત્રાકની અણી, કરેરાટી બોલાવી (સૂતરને ત્રાકની અણીના ધસારાનો) આંટા ફરે તેનો અવાજ આવે છે. આવો અવાજ કાંતતી વખતે ન થાય તો મજબૂતાઇ ઓછી છે એમ સમજવું.

(ब) કોકડું કઠણ વીંટાળેલું રહે છે. સૂતર કાચું હશે તો પોચું વીંટાળાશે.

(क) ફાળકા ઉપર તાર ઉતારતાં મજબૂત સૂતર સખત વીંટાળાશે—તૂટશે નહિ.

(ड) અવારનવાર કસ કાઢતા રહી નોંધ કરવી.

સૂતર સમાન કેમ કાંતવું :

૧. ચપટીના દાબનું પ્રમાણ—એમાંથી નીકળતા તારની ગતિ અને ત્રાકની ગતિ—એ ત્રણનું યોગ્ય પ્રમાણ જાળવતાં આવડે તો સૂતર એકસરખું કંતાશે.

૨. સૂતર સરખું કંતાય એની ખબર પડતી રહે એટલા માટે કાંતતી વખતે ત્રાકની બાજુમાં ખાદીનો કાળો ટુકડો કંતાતા તાર નીચે રાખવો. એથી આંખને પણ ઓછો શ્રમ પડશે. કાંતેલા સૂતરના ૯–૧૦ તાર એક નાના કાળા પાટીયા પર છૂટા છૂટા વીંટાળવા. એમાં અસમાન તાર દર વખતે ઓછા થતા જાય એની કાળજી રાખવી.

સૂતરમાં ધૂંટી ન રહે એ રીતે કેમ કાંતવું ?

૧. કાંત્યા પછી વળ ન આપવો. એ રીતે વળ આપત ધૂંટી પડે છે.

૨. કોકડું સખત વીંટાળવું.

૩. ફાળકા પર સૂતર ઉતારતી વખતે આંગળીમાંથી તાર સખત રીતે પસાર થાય એ રીતે સૂતર વીંટાળવું અને રહી ગયેલી ધૂંટીને ખોલી નાંખવી.

સ્વચ્છ સૂતર કેમ કાંતવું ?

૧. કીટી વગરની સ્વચ્છ પૂણી વાપરવી, સ્વચ્છ હાથે કાંતવું.

૨. કાંતતાં રૂંછડાં-કીટી-કસ્તર રહે તે તરત કાઢી નાંખવાં.

૩. સ્વચ્છ હાથે ત્રાક પર સૂતર ઉતારતાં ચડી ગયેલાં રૂંછડાં–કીટી–કસ્તર દૂર કરી દેવાં.

સ્થિતિસ્થાપકતા કેમ આવે ?

૧. ચપટીનો દાબ, ત્રાકની ગતિ અને નીકળતા તારની ગતિનાં પ્રમાણ જળવાશે તો સ્થિતિસ્થાપકતા રહેશે. એટલે કે સૂતરના તારમાં ખેંચતાં લચક રહેશે.

૨. સૂતરને વળ કાંત્યા પછી ન આપવો.

વ્યવસ્થિત આંટી કેમ કરવી ?

૧. એંશી–એંશી તારની લટ બાંધવી અને આઠ લટના ૬૪૦ તાર પૂરા ગણી લટના જોગને આંમળો દઈ દેવો. ગાંઠ ન મારવી. જોગની દોરી કંતાયલા સૂતરને બેવડીને બનાવવી. જાડી દોરી ન વાપરવી. આંટીના બન્ને છેડા બરાબર છૂટા રાખી આંટી પર વીંટાળી મૂકવા. સારૂં સૂતર હોય તો ૧૬૦ તારની એક એવી ૪ લટ રાખવી.

૨. આંટીને ફૂંકારી છાંવડામાં સૂકવવી. ચોમાસામાં વરસાદ હોય તો ફૂંકારવું નહિ.

૩. સુકાઇ ગયેલી આંટીને ઉતારી વ્યવસ્થિત વાળી પડિકામાં વ્યવસ્થિત બાંધી મૂકવી.

સૂતરની વ્યવસ્થિત નોંધ કેમ રાખવી :

૧. રોજ કંતાતા સૂતરના તાર અથવા કેટલી લટ કાંતી તે તારીખવાર નોંધવી. બની શકે તો રોજ કાંતવામાં અપાતો સમય પણ નોંધવો.

૨. દર મહિને કંતાયલા સૂતરની નોંધ નીચે પ્રમાણે રાખવી:

માસ–આંટી–વજન–આંક–કસ–સમાનતા–ઘૂંટી સ્વચ્છતા.

૩. આંક, કસ અને ઝડપમાં પ્રગતિ કરવા ત્રણે વસ્તુઓની તારીખવાર પ્રગતિનોંધ રાખવી.

૪. સૂતરની આંટીનાં પડીકાંઓ પર નીચેની વિગતો લખવી:

કાંતનાર–માસ–આંટી–વજન–આંક–કસ–ઝડપ રૂની જાત.

: ૧૦ :

કાંતનારની કમાણી

આપણે જાણીએ છીએ કે ભંડારમાં વેચાતી ખાદી મોંઘી હોય છે. એ ખાદીનો ભાવ કેમ નીકળે એની સમજ આગળ આપી છે. કાંતનારે એટલું યાદ રાખવું કે ખાદીક્રિયાઓમાં સૌથી વધારે મજૂરી કાંતવાની ક્રિયામાં આપવી પડે છે. આમ છતાં એ મજૂરી જીવનનિર્વાહની દૃષ્ટિએ હજી બહુ જ ઓછી હોય છે. કાંતનાર રોજ ૮ કલાક કાંતે તો ઓછામાં ઓછા રૂ. ૦–૩–૦ એને મળી રહે એ ધોરણ ધ્યાનમાં રાખી જુદા જુદા આંક માટે ૪૦ તોલાના રતલની કંતાઇ અહીં ગણી છે. કંતાઇનો એ કોઠો અહીં આપ્યો છે. કાંતનાર એ કોઠામાંથી ગણત્રી કરી લે કે જે આંકનું સૂતર પોતે કાંતે છે એમાં એની મજૂરી રતલ સૂતર માટે શું થાય. આપણાં ગામડાંઓમાં ગરીબાઇ એટલી બધી છે કે એટલી ઓછી મજૂરી માટે પણ સેંકડો ગરીબો દૂર દૂરથી ખાદીકેન્દ્રોમાં આવી કાંતેલું સૂતર આપી જઇ એટલી ઓછી મજૂરી પણ લઇ જાય છે.

કંતાઈના ભાવનો કોઠો—

આંક	૪૦ તોલા	૩૦ તોલા	૨૦ તોલા	૧૦ તોલા	૯ તોલા	૮ તોલા
૮	૦-૫-૬	૦-૩-૧૦।।	૦-૨-૯	૦-૧-૭।।	૦-૧-૩	૦-૧-૧
૧૦	૦-૭-૦	૦-૫-૩	૦-૩-૬	૦-૧-૯	૦-૧-૬।।	૦-૧-૪।।
૧૨	૦-૯-૦	૦-૬-૯	૦-૪-૬	૦-૨-૩	૦-૨-૦	૦-૧-૯।।
૧૪	૦-૧૧-૦	૦-૮-૩	૦-૫-૬	૦-૨-૯	૦-૨-૫।।	૦-૨-૨।
૧૬	૦-૧૩-૦	૦-૯-૯	૦-૬-૬	૦-૩-૩	૦-૨-૯	૦-૨-૬।।।
૧૮	૦-૧૫-૦	૦-૧૧-૩	૦-૭-૬	૦-૩-૯	૦-૩-૪।।	૦-૩-૦
૨૦	૧-૧-૬	૦-૧૩-૧।।	૦-૮-૯	૦-૪-૪।।	૦-૩-૧૧।	૦-૩-૬
૨૨	૧-૪-૦	૦-૧૫-૦	૦-૧૦-૦	૦-૫-૦	૦-૪-૬	૦-૪-૦
૨૪	૧-૬-૬	૧-૦-૧૦।।	૦-૧૧-૩	૦-૫-૭।।	૦-૫-૦।।।	૦-૪-૬
૨૬	૧-૯-૦	૧-૨-૯	૦-૧૨-૬	૦-૬-૩	૦-૫-૭।।।	૦-૫-૦
૨૮	૧-૧૨-૦	૧-૫-૦	૦-૧૪-૦	૦-૭-૦	૦-૬-૩।।	૦-૫-૭
૩૦	૧-૧૫-૦	૧-૭-૩	૦-૧૫-૬	૦-૭-૯	૦-૬-૧૧।।	૦-૬-૨।
૩૨	૨-૨-૦	૧-૯-૬	૧-૧-૦	૦-૮-૬	૦-૭-૭।।।	૦-૬-૯
૩૪	૨-૫-૬	૧-૧૨-૧।।	૧-૨-૯	૦-૯-૪।।	૦-૮-૫।।	૦-૭-૬
૩૬	૨-૯-૦	૧-૧૪-૯	૧-૪-૬	૦-૧૦-૩	૦-૯-૨।।	૦-૮-૨
૩૮	૨-૧૨-૬	૨-૧-૪।।	૧-૬-૩	૦-૧૧-૧।।	૦-૧૦-૦	૦-૮-૧૦।।
૪૦	૩-૦-૦	૨-૪-૦	૧-૮-૦	૦-૧૨-૦	૦-૧૦-૯।।	૦-૯-૭

૩. ૦-૩-૦ ધોરણ.

૭ તોલા	૬ તોલા	૫ તોલા	૪ તોલા	૩ તોલા	૨ તોલા	૧ તોલો
-૦-૧૧।।	૦-૦-૧૦	૦-૦-૮।	૦-૦-૬।।	૦-૦-૫	૦-૦-૩	૦-૦-૧।
-૧-૨।।	૦-૧-૦।।	૦-૦-૧૦।।	૦-૦-૮	૦-૦-૬।	૦-૦-૪	૦-૦-૨
-૧-૭	૦-૧-૪	૦-૧-૧।।	૦-૦-૧૦।।	૦-૦-૮	૦-૦-૫।	૦-૦-૨।
-૧-૧૧	૦-૧-૮	૦-૧-૪।।	૦-૧-૧	૦-૦-૯।।।	૦-૦-૬।।	૦-૦-૩।
-૨-૩	૦-૧-૧૧।	૦-૧-૭।।	૦-૧-૩।	૦-૦-૧૧।।	૦-૯-૭।।	૦-૦-૩।।।
-૨-૭।।	૦-૨-૩	૦-૧-૧૦।।	૦-૧-૬	૦-૧-૧।।	૦-૦-૯	૦-૦-૪।।
-૩-૦।।।	૦-૨-૭।।	૦-૨-૨।	૦-૧-૯	૦-૧-૩।।।	-૦-૧૦।।	૦-૦-૫
-૩-૬	૦-૩-૦	૦-૨-૬	૦-૨-૦	૦-૧-૬	૦-૧-૦	૦-૦-૬
-૩-૧૧।।	૦-૩-૪।।	૦-૨-૯।।।	૦-૨-૩	૦-૧-૮।	૦-૧-૧।।	૦-૦-૬।।।
-૪-૪।।	૦-૩-૯	૦-૩-૧।।	૦-૨-૬	૦-૧-૧૦।।	૦-૧-૩	૦-૦-૭।।
-૪-૧૦।।।	૦-૪-૨।	૦-૩-૬	૦-૨-૯।।	૦-૨-૧	૦-૧-૪।।	૦-૦-૮।
-૫-૫	૦-૪-૭।।।	૦-૩-૧૦।।	૦-૩-૧	૦-૨-૩।।।	૦-૧-૬।।।	૦-૦-૯
-૫-૧૧।	૦-૫-૧	૦-૪-૩	૦-૩-૪।।।	૦-૨-૬।।	૦-૧-૮।	૦-૦-૧૦
-૬-૭	૦-૫-૭।।	૦-૪-૮।	૦-૩-૯	૦-૨-૯।।	૦-૧-૧૦।।	૦-૦-૧૧
-૭-૨	૦-૬-૧।।	૦-૫-૧।।	૦-૪-૧	૦-૩-૦।।।	૦-૨-૦।।	૦-૦-૦।
-૭-૯।	૦-૬-૮	૦-૫-૬।।।	૦-૪-૫।।	૦-૩-૪	૦-૨-૨।	૦-૦-૧।
-૮-૪।	૦-૭-૨।	૦-૬-૦	૦-૪-૯।।।	૦-૩-૭	૦-૨-૪	૦-૦-૨।

: ૧૧ :

રૂ, પૂણી, સૂતર, ખાદીના ભાવ કેમ નીકળે?

કાંતનારને એવી જિજ્ઞાસા રહે છે કે ખાદીના જુદી જુદી ક્રિયાઓના પ્રસંગે રૂ, પૂણી, સૂતર અને ખાદીના ભાવ કેમ નીકળે છે. અહીં જે હિસાબો આપ્યા છે એમાં સામાન્ય રીતે ગુજરાતના સંજોગો ધ્યાનમાં લઇ ગણત્રી કરી છે.

(૧) કપાસમાંથી થતા રૂના ભાવ:

કપાસ ખેતરમાંથી આવે ત્યારે એમાં રૂ તેમજ કપાસિયા હોય છે. કપાસ લોઢીને રૂ–કપાસિયા છૂટાં કરાય છે. સામાન્ય રીતે કપાસમાંથી ત્રીજા ભાગનું રૂ નીકળે છે અને બે ભાગ કપાસિયા નીકળે છે. કપાસની જાત પ્રમાણે રૂના ઉતારના ટકામાં ફેર રહે છે. (જૂઓ પ્રકરણ ૨.) કપાસમાંથી સ્વચ્છ રૂ તૈયાર કરવા માટે પ્રથમ કપાસને સાફ કરી, તેવા સાફ કપાસને કાળજીપૂર્વક લોઢવામાં આવે છે. રૂનો ભાવ કાઢતી વખતે કપાસના ચાલુ ભાવમાં કપાસસફાઇના ભાવ ઉમેરી એમાં લોઢાઇની મજૂરી ગણી કપાસિયાની કીમત બાદ કરવી પડે છે. પછી જે રૂ રહે છે તેની કિંમત નીકળે છે.

મણ કપાસને સાફ કરીએ તો મણે ૨ રતલ ઘટ જતાં ૩૮ રતલ સાફ કપાસ રહે છે.

કપાસ લોઢતાં ૩૮ રતલ કપાસમાંથી અંદાજે ૨૫ રતલ કપાસિયા નીકળે અને ૧૩ રતલ રૂ નીકળે.

હવે એનો હિસાબ આ પ્રમાણે નીકળે :

એક મણ કપાસના	...	...	૫—૦—૦
કપાસસફાઇ ૧ મણની	...	...	૦-૧૦-૦
૩૮ રતલ સાફ કપાસની લોઢાઇ		...	૦—૬—૦
			૬—૦—૦
બાદ : ૨૫ રતલ કપાસિયાની કિંમત રૂપિયે મણ પ્રમાણે	...	...	૦-૧૦-૦
૧૩ રતલ સ્વચ્છ રૂની કિંમત		...	૫—૬—૦
રતલ રૂની કિંમત	...	...	૦—૬—૬

(૨) રતલ પૂણીના ભાવ :

રૂ રતલ એકના (ગાંસડીના રૂના)			...	૦—૫—૦
પીંજાઇ ઘટ	...	...	...	૦—૦—૬
પીંજાઇ પૂણી યા મણ મજૂરી			...	૦—૩—૦
કાગળ દોરી	...	...	...	૦—૦—૩
ઘસારો	...	...	...	૦—૦—૬
વ્યવસ્થા ખર્ચ	...	...	...	૦—૦—૯
રતલ પૂણીની કિંમત		...	...	૦-૧૦-૦

સૂતરના ભાવ (૪૦ તોલાના રતલના)

(ગુજરાત ચરખા સંઘે ઠરાવેલા, ૧૯૪૧)

પૂણીના ભાવ અને કાંતવાની મજૂરી પરથી કંતાયેલા સૂતરના ભાવ નક્કી થાય છે. અહીં એનો કોઠો આપ્યો છે:

આંક	રતલની કીમત	પૂણીનો ભાવ (રતલ)*	કંતાઇ મજૂરી	
૬	૦-૧૨-૦	૦-૮-૦	૦-૪-૦	
૮	૦-૧૩-૦	૦-૮-૦	૦-૫-૬	
૧૦	૦-૧૫-૦	૦-૮-૦	૦-૭-૦	
૧૨	૧-૧-૦	૦-૮-૦	૦-૯-૦	
૧૪	૧-૩-૦	૦-૮-૦	૦-૧૧-૦	
૧૬	૧-૭-૦	૦-૧૦-૦	૦-૧૩-૦	
૧૮	૧-૯-૦	૦-૧૦-૦	૦-૧૫-૦	
૨૦	૧-૧૧-૬	૦-૧૦-૦	૧-૧-૬	
૨૨	૧-૧૪-૦	૦-૧૦-૦	૧-૪-૦	
૨૪	૨-૦-૬	૦-૧૦-૦	૧-૬-૬	
૨૬	૨-૩-૦	૦-૧૦-૦	૧-૯-૦	
૨૮	૨-૬-૦	૦-૧૦-૦	૧-૧૨-૦	
૩૦	૨-૯-૦	૦-૧૦-૦	૧-૧૫-૦	
૩૨	૨-૧૨-૦	૦-૧૦-૦	૨-૨-૦	
૩૪	૨-૧૫-૬	૦-૧૦-૦	૨-૫-૬	
૩૬	૩-૩-૦	૦-૧૦-૦	૨-૯-૦	
૩૮	૩-૬-૬	૦-૧૦-૦	૨-૧૨-૬	
૪૦	૩-૧૦-૦	૦-૧૦-૦	૩-૦-૦	

* પૂણીનો ભાવ ગણતી વેળા પીંજાઇકંતાઇની ઘટ ગણી લેવાઇ છે.

ખાદીના ભાવ કેમ નીકળે ?

આંક ૨૦ . વાર ૨૦ . પનો ૫૦"

૧	સૂતર કિંમત વજન ૬-૧૫-૦ ભાવ ૧-૧૧-૬		૧૦-૧૫-૩
૨	વણકરી ૨૦ વારની ભાવ વારના	૦-૩-૯	૪-૧૧-૦
૩	૨૦ વારની ધોલાઇ ભાવ વારના	૦-૦-૬	૦-૧૦-૦
૪	કુલ		૧૬-૪-૩
૫	કાર્યાલય વ્યવસ્થાખર્ચ રૂપીએ	૦-૨-૦	૨-૦-૬
૬	વેચાણવળતર રૂપીએ	૦-૧-૬	૧-૮-૬
૭	ખરાજાત રૂપીએ	૦-૦-૩	૦-૪-૦
૮	એકંદર ૨૦ વારની કિંમત		૨૦-૧-૩
		વારની કિંમત	૧-૦-૦

: ૧૨ :

સૂતરવણાટ વિષે પ્રાથમિક સમજ

૧ સૂતરના આંક અને વણવાની ખાદીના પના પ્રમાણે સૂતરના વણાટમાં અને તેની વણકરીમાં ફેર પડે છે.

૨ આ માટે પ્રત્યેક આંકના સૂતરની જાડાઇની ગણત્રી કરી કેટલા તાર એક ઇંચમાં રહેશે એનો હિસાબ થાય છે. આ હિસાબની ગણત્રીએ સૂતર વણવા માટેની ફણીની વીશી ખાદીનાં જોઇતા પના પ્રમાણે નક્કી થાય છે.

૩ ફણીની વીશી એટલે ફણીનાં ૮૦ ઘર (ફણીનાં ખાનાં). ફણીના પ્રત્યેક ઘરમાં બે તાર રહે છે. આથી વીશીનાં ૮૦ ઘરમાં ૧૬૦ તાર રહે છે.

૪ સૂતર જાડું ઝીણું હોય એ પ્રમાણે ફણીમાં રહેલી વીશી અનુક્રમે ઓછીવત્તી રહે. સૂતર જાડું હોય તો ઓછી વીશીની ફણી વપરાય. ઝીણું હોય તો વધારે વીશીની ફણી વપરાય.

૫ અમુક આંકના સૂતરની જોઇતા પનાની ખાદી વણવા માટે કેટલી વીશીની ફણી જોઇએ તે માટે સૂતરની જાડાઇનો હિસાબ જાણવો જોઇએ.

સૂતરની જાડાઇનો કોઠો

આંક	એક ઇંચમાં રહેતા તાર	આંક	એક ઇંચમાં રહેતા તાર
૧	૨૭॥	૨૧	૧૨૬
૨	૩૯	૨૨	૧૨૯
૩	૪૭॥	૨૩	૧૩૨
૪	૫૫	૨૪	૧૩૫
૫	૬૨	૨૫	૧૩૭
૬	૬૭॥	૨૬	૧૪૦॥
૭	૭૩	૨૮	૧૪૬
૮	૭૮	૩૦	૧૫૧
૯	૮૨॥	૩૨	૧૫૬
૧૦	૮૭॥	૩૪	૧૬૦॥
૧૧	૯૧॥	૩૬	૧૬૫
૧૨	૯૫	૩૮	૧૬૫
૧૩	૯૯	૪૦	૧૭૫
૧૪	૧૦૩	૫૦	૧૯૫
૧૫	૧૦૬॥		
૧૬	૧૧૦		
૧૭	૧૧૩		
૧૮	૧૧૭		
૧૯	૧૨૦		
૨૦	૧૨૪		

વીશીનું કોષ્ટક

એક ઈંચમાં જૂદા જૂદા આંકના કેટલા તાર રહે છે એટલે કે સૂતરની જાડાઇ શું છે એ જાણ્યા પછી એ આંક પ્રમાણે જોઇતા પેનાની ખાદીમાં કેટલી વીશીની ફણી જોઇએ તેનો હિસાબ નીચે પ્રમાણે છે:

$$\text{વીશી} = \frac{\text{સૂતરની જાડાઇ}}{૫/૨} \times \frac{\text{પનો}}{૧૬૦}$$

દાખલો	આંક ૨૦	૨૦ આંકના સૂતરની
	પનો ૫૦"	જાડાઇ ૧૨૪

$$\text{વીશી} = \frac{૧૨૪}{૫/૨} \times \frac{૫૦}{૧૬૦} = ૩૧/૨ = ૧૫॥$$

૨૦ આંકના સૂતરની ૫૦" પનાની ખાદી માટે ૧૫॥ વીશીની ફણી વાપરવી.

ઘટ્ટ વણાટ માટે આ હિસાબ છે:
સામાન્ય વણાટ માટે જાડાઇને ૨॥ થી ભાગવી.
આછા વણાટ માટે જાડાઇને ૩ થી ભાગવી.

વણકરીના ભાવ:

વણકરીનો દર વીશી પ્રમાણે ગણાય છે. સામાન્ય રીતે વીશીની ૩ પાઇ વણકરી હોય. હવે જો ૧૨ વીશીમાં વણાવીએ તો વારમાં ૧૨ વીશી થાય એટલે વણકરી ૩ પાઇ × ૧૨ = ૩૬ પાઇ એટલે વારે રૂ. ૦–૩–૦ વણકરી થાય.

સુતરના આંક પ્રમાણે વીશી-પનો-વણકરી દર

આંક	જાત	પનો ધોયેલ	વીશી	વાશીના વણકરી દર	એક વારની વણકરી
૬	એકતારી	૨૮	૫	૩ પાઇ	૦–૧–૩
૮	,,	૨૮	૬	૩ ,,	૦–૧–૬
૧૦	,,	૨૮	૭	૩ ,,	૦–૧–૯
૧૨–૧૪	,,	૨૮	૮	૩ ,,	૦–૨–૦
૨૦	,,	૨૮	૯	૩ ,,	૦–૨–૩
૧૦	ચોતારી	૨૮	૫	૩ પાઇ	૦–૧–૩
૧૨	,,	૨૮	૬	૩ ,,	૦–૧–૬
૧૪	,,	૨૮	૭	૩ ,,	૦–૧–૯
૧૮	,,	૨૮	૮	૪ ,,	૦–૨–૮
૨૦	,,	૩૩	૧૦	૪ ,,	૦–૩–૪
૨૪	,,	૨૮	૯	૪ ,,	૦–૩–૦
૨૬	,,	૩૩	૧૧	૪ ,,	૦–૩–૮
૧૬	એકતારી	૩૩	૧૧	૩॥ પાઇ	૦–૩–૩
૧૮	,,	૩૩	૧૦	૩ ,,	૦–૨–૬
૨૦	,,	૩૩	૧૨	૩॥ ,,	૦–૩–૬
૨૪	,,	૩૩	૧૩	૩॥ ,,	૦–૩–૯
૧૬	એકતારી	૪૫	૧૨	૩ પાઇ	૦–૩–૦
૨૦	,,	૪૫	૧૩	૩ ,,	૦–૩–૩
૨૨	,,	૪૫	૧૪	૩ ,,	૦–૩–૬
૨૪	,,	૪૫	૧૫	૩ ,,	૦–૩–૯
૨૮	,,	૪૫	૧૬	૩॥ ,,	૦–૪–૮
૩૬	,,	૪૫	૧૮	૪ ,,	૦–૬–૦

આંક-વીશી-પનો-વણકરી—(ચાલુ)

આંક	જાત	પનો	વીશી	વીશીના વણકરી દર	એક વારની વણકરી
૧૬	એકતારી	૫૦	૧૪	૩ પાઇ	૦—૩—૬
૨૦	,,	૫૦	૧૫	૩ ,,	૦—૩—૯
૨૪	,,	૫૦	૧૬	૩ ,,	૦—૪—૦
૨૬	,,	૫૦	૧૭	૩॥ ,,	—૪-૧૧॥
૩૦	,,	૫૦	૧૮	૩॥ ,,	૦—૫—૩
૩૪	,,	૫૦	૧૯	૪ ,,	૦—૬—૪
૩૬—૪૦	,,	૫૦	૨૦	૪ ,,	૦—૬—૮

ખાદીમાં વીશી નક્કી કરવી

વણાયેલી ખાદીમાં કેટલી વીશીની ફણી વપરાઇ છે તે નીચેના હિસાબ પરથી જાણી શકાશે.

દૂરબીનથી ખાદીના એક ઇંચમાં તાર ગણવા અને ખાદીનો પનો માપવો.

$$\text{પછી વીશી} = \frac{\text{તાર} \times \text{પનો}}{૧૬૦}$$

દાખલો એક ઇંચમાં તાર ઊભા ૩૪ પનો ૫૦"

,, ,, ,, આડા ૩૦ ,, ,,

કુલ ૬૪ તાર

$$\text{વીશી} = \frac{૬૪ \times ૫૦}{૧૬૦} = \frac{૩૨૦૦}{૧૬૦} = ૨૦$$

$$= ૨૦ \text{ વીશી}$$

: ૧૩ :

કેટલા સૂતરમાં કેટલી ખાદી ?

કાંતનારની ખાસ જિજ્ઞાસા એ રહે છે કે એમના સૂતરમાંથી ખાદી કેટલી થશે. આનો હિસાબ પણ નીકળી શકે છે.

કઇ વીશીમાં સૂતર વણાશે એ સૂતરના આંક પરથી ખબર પડે. (જુઓ વીશીનું કોષ્ટક પાનું ૩૮).

સૂતરની આંટી કેટલી છે તે ગણી શકાય.

$$\text{પછી ખાદી વાર} = \frac{\text{આંટી} \times ૧૦}{\text{વીશી} \times ૪}$$

દાખલો : આંટી ૨૦ પનો ૫૦"
તો વીશી ૧૫ (વીશીના કોઠા પ્રમાણે)

આપણી આંટી ૬૦ છે. એટલે ૩ (ત્રણ) રતલ સૂતર છે.

$$\text{ખાદી વાર} = \frac{૬૦ \times ૧૦}{૧૫ \times ૪} = ૧૦$$

૨૦ આંકની ૬૦ આંટીના ૩ રતલ સૂતરમાંથી ૫૦" પનાની અંદાજે ૧૦ વાર ખાદી થશે.

અમુક વાર ખાદી માટે અમુક આંકનું કેટલું સૂતર જોઇએ?

ખાદીનો જે પનો જોઇએ છે અને એમાં જે આંકનું સૂતર વાપરવું છે, તે જાણતાં વીશીની ખબર પડે. પછી જોઇતા વારમાં કેટલા રતલ સૂતર જોઇએ તેની ખબર પડે.

$$\text{સૂતર વજન} = \frac{\text{વાર} \times \text{વીશી} \times ૪}{\text{આંક} \times ૧૦}$$

૫ વાર ખાદી કરવી છે, આંક ૨૦ છે, પનો ૫૦ જોઇએ તો એ માટે ૧૫ વીશી (વીશીના કોઠા પ્રમાણે) જોઇએ.

$$\text{સૂતર વજન (રતલમાં)} = \frac{૫ \times ૧૫ \times ૪}{૨૦ \times ૧૦} = \frac{૩૦૦}{૨૦૦} = ૩/૨$$

$$= ૧\text{॥ રતલ}$$

૫૦" પનાની ૫ વાર ખાદી માટે ૨૦ આંકનું ૧॥ રતલ સૂતર આશરે જોઇએ.

૨૦ વાર ખાદી માટે જોઇતા સૂતરનો કોઠો

આંક	પનો	વીશી	જોઇતું સૂતર } વજન	આંટી	વણકરી	ખાદીની જાત
			ર. તો.			
૧૮	૨૮	૮	૭–૧૦	૧૩૦	૩–૫–૩	ચોતારી
૨૬	૩૩	૧૧	૬–૩૫	૧૭૯	૪–૯–૩	,,
૧૬	૩૩	૧૧	૫–૩૨॥	૯૩	૪–૦–૩	એકતારી
૨૦	૨૮	૯	૩–૩૨॥	૭૬	૪–૬–૦	,,
૧૦	૨૮	૭	૬–૦	૬૦	૨–૩–૦	,,
૧૪	૨૮	૮	૪–૩૫	૬૮	૨–૮–૦	,,
૧૬	૪૫	૧૨	૬–૧૫	૧૦૨	૩-૧૨-૦	,,
૨૦	૪૫	૧૩	૫–૨૦	૧૧૦	૪–૧–૦	,,
૨૪	૪૫	૧૫	૫–૧૨॥	૧૨૭	૪-૧૧-૦	,,
૨૮	૪૫	૧૬	૪–૩૫	૧૩૬	૫-૧૩-૩	,,
૩૬	૪૫	૧૮	૪–૧૦	૧૫૩	૭–૮–૦	,,
૨૦	૫૦	૧૫	૬–૧૫	૧૨૭	૪-૧૧-૦	,,
૨૪	૫૦	૧૬	૫–૨૭॥	૧૩૬	૫–૦–૦	,,
૨૬	૫૦	૧૭	૫–૨૨॥	૧૪૪	૬–૩–૦	,,
૩૦	૫૦	૧૮	૫–૫	૧૫૩	૬–૯–૦	,,
૩૬	૫૦	૨૦	૪–૩૦	૧૭૦	૮–૫–૩	,,
૪૦	૫૦	૨૦	૪–૧૦	૧૭૦	૮–૫–૩	,,

:૧૪: સ્વાવલંબી ખાદી સસ્તી કેમ પડે?

કાંતનારની સામાન્ય જિજ્ઞાસા એ હોય છે કે રોજ ૧૬૦ તાર કાંતીએ તો ૭ મહિનામાં કેટલું કંતાય અને તેની ખાદી કેટલી થાય? આનો હિસાબ નીચે આપ્યો છે વત્તાઓછા આંક પ્રમાણે સૂતરના એટલા જ વજનમાં વત્તીઓછી ખાદી થાય છે. આ હિસાબમાં અંદાજે ગણત્રી કરી છે એટલે કોઇક ઠેકાણે સહેજ ફેર પડે. એ હિસાબ પરથી કાંતનાર સમજી શકશે કે ભંડારની ખાદી કરતાં સ્વાવલંબી ખાદી સસ્તી જ પડે. આપણે ઝીણું કાંતીએ તો સ્વાવલંબી ખાદી વિશેષ સસ્તી પડે.

આંક	સમય મિનિટ	પનો ઇંચ	વજન ર. તો	લંબાઈ	દિવસ	વાર કોરી	પૂણી ઘટ સાથે	વણકરી	ધોલાઇ	એકંદર	સ્વાવ.નો વારનો ભાવ	ભંડારની ખાદીનો ભાવ
૧૨	૩૨	૪૫	૩–૩૦	૨૮	૭	૧૬	૨-૧૩-૦	૧-૧૨-૦	૦–૮–૦	૫–૧–૦	૦–૫–૩	૦–૭–૦
૧૬	૩૫	૪૫	૨-૩૨॥	૩૩	૯	૧૪॥	૨–૧–૯	૧-૧૨-૩	૦–૬–૩	૪–૪–૩	૦–૫–૯	૦–૯–૦
૨૦	૩૭	૪૫	૨–૧૦	૪૫	૧૩	૮॥।	૧-૧૧-૦	૧-૧૨-૬	૦–૪–૬	૩-૧૨-૦	૦–૭–૩	૦-૧૩-૦
૨૪	૪૦	૪૫	૧–૩૫	૪૫	૧૫	૭॥	૧–૬–૬	૧-૧૨-૩	૦–૩–૯	૩–૬–૬	૦–૭–૯	૦-૧૫-૦
૨૮	૪૨	૪૫	૧-૨૪।	૪૫	૧૬	૭	૧–૩–૬	૨–૦–૯	૦–૩–૬	૩–૭–૯	૦–૮–૩	૧–૧–૦
૩૨	૪૫	૪૫	૧-૧૬।	૫૦	૧૮	૬।	૧–૧–૦	૨–૦–૯	૦–૩–૩	૩–૫–૦	૦–૯–૦	૧–૪–૦
૩૬	૪૭	૪૫	૧–૧૦	૫૦	૧૯	૫॥।	૦-૧૫-૦	૨–૪–૬	૦–૩–૦	૩–૬–૬	૦-૧૦-૦	૧–૬–૦
૪૦	૫૦	૪૫	૧–૫-	૫૦	૨૦	૫॥	૦-૧૩-૩	૨–૪–૯	૦–૨–૯	૩–૫–૦	૦-૧૦-૩	૧–૮–૦

રોજ ૧૬૦ તાર કાંતે તો ૬ મહિનામાં (૧) કેટલી ખાદી થાય (૨) કેટલી સસ્તી પડે અને (૩) રોજ એ માટે કેટલો સમય આપવો પડે એનો આ હિસાબ છે.

(પૂંઠાના ૨ જા પાનાનું અનુસંધાન)

તરફથી હિન્દુસ્તાનનું લોહી ચૂસવાની જે ક્રિયા ચાલુ થઇ છે તે ક્રિયામાં શહેરો ભાગીદાર બન્યાં છે. અનુભવ પરથી હું માનું છું કે હિન્દુસ્તાન દહાડે દહાડે કંગાળ થતું જાય છે. તેને પગે અને જાંઘે લોહી ફરતું બંધ થયું છે. તેથી જો આપણે હવે નહિ ચેતીએ તો હિન્દુસ્તાન ચકરી ખાઇ પડશે.

* * * *

આમ હિન્દુસ્તાનનું ચિત્ત રેંટિયા પર ચોંટાડનારી મોટામાં મોટી દલીલ તો ભૂખ છે. રેંટિયાનો સંદેશો બધાથી મધુર છે, કેમકે તે પ્રેમનો સંદેશો છે અને પ્રેમ તે સ્વરાજ્ય છે.

હિન્દુસ્તાનનાં કરોડો જેઓ આજે પશુઓ કરતાં પણ ઉતરતાં થઇ પડયાં છે તેઓની સાથે આપણે રેંટિયાનું અનુસંધાન કરવાનું રહ્યું છે. તેઓને હોશમાં લાવવાની માત્રા આજે રેંટિયો જ છે. પણ કોઇ પૂછશે જેને અનાજને માટે કામ નથી કરવું પડતું તે શા માટે કાંતે ? જવાબ એ છે કે તેઓ ખાય છે તે બીજાનું છે. તેઓ બીજાઓને લૂંટીને નભે છે. દરેક જણ પોતાના હાથમાં આવતા પૈસાનો હિસાબ કાઢી જૂએ તો મારા લખવાનું સત્ય તેઓને અજવાળા જેવું લાગશે. જે કરોડોને પરાણે ઘર ઝાલીને બેઠાં રહેવું પડે છે, તેઓને જો કાંઇ કામનો ધંધો ન મળે તો સ્વરાજ્ય તેઓને સારૂ અર્થ વિનાનું છે. આવું સ્વરાજ્ય થોડા વખત માટે મેળવવું શક્ય છે અને એમ કરવાનું સાધન માત્ર રેંટિયાનો પુનરૂદ્ધાર છે.

ગાંધીજી

યજ્ઞ અને તપશ્ચર્યા.

હું પ્રત્યેક તાર કાંતતાં હિન્દુસ્તાનના કંગાલોનું કરું છું. હિન્દુસ્તાનના કંગાલોનો ઇશ્વર પરથી વિશ્વા ગયો છે. પછી મધ્યમ વર્ગ ઉપર કે ધનિક વર્ગ પર તો હોય? જેના પેટમાં ભૂખ છે અને જે તે ભૂખ મટાડવા તેનું તો પેટ જ પરમેશ્વર છે. જે માણસ તેને રોટીનું સાધન આપશે, તે તેનો અન્નદાતા બનશે; તેની મારફત તે ઇશ્વરનું દર્શન પણ કદાચ કરશે. આ માણસને હાથ પગ હોવા છતાં કેવળ અન્નદાન કરવું એ પોતે જ દોષમાં પડી તેઓને પણ દોષિત કર્યા બરાબર છે. તેમને કાંઇક પણ મજૂરી મળવી જોઇએ. કરોડો મજૂરી તો રેંટિયો જ હોઇ શકે અને તે રેંટિયા પર હું તેમ શ્રદ્ધા ભાષણોથી નહિ બેસાડી શકું પણ પોતે કાંતીને. તે કાંતવાની ક્રિયાને હું તપશ્ચર્યા અથવા યજ્ઞરૂપે ઓળખાવું છુ જ્યાં ગરીબોનું શુભ ચિંતન છે ત્યાં ઇશ્વર છે જ એમ માન હોવાથી હું પ્રત્યેક તાંતણે ઇશ્વરને જોઇ શકું છું.

ગાંધી